# હની પાર્ક રોડ ઉપર રૂમ લોક થઈ જતાં બાળકી ફસાઇ

**અઢી વર્ષની** બાળકીને ફાયર બ્રિગેડે સીડી મૂકીને બચાવી લીધી



સુરતઃ અડાજણ હનીપાર્ક રોડ સ્થિત કેશવપાર્ક નામની એક બિલ્ડિંગનાં પહેલાં માળે ફ્લેટનો દરવાજો લોક થઈ જતા રૂમમાં રમતી અઢી વર્ષની એક માસુમ બાળકી તેમાં ફસાઈ ગઈ હતી. અડાજણ ફાયરની ટીમે રેસક્યુ કરી બાળકીને તેની માતાને સલામત રીતે સોંપી હતી. હનીપાર્ક રોડ સ્થિત કેશવપાર્ક નામની બિલ્ડિંગનાં પહેલાં માળે રહેતા કિરણભાઈ પુહનની અઢી વર્ષની દીકરી સાનવી આજે બપોરે ઘરમાં રમી રહી હતી ત્યારે એકાએક દરવાજો લોક થઈ ગયો હતો. ડરી ગયેલી સાનવીએ રડવાનું શરૂ કરી દીધું હતું, તેથી ઘરમાં હાજર તેની માતાને દરવાજો લોક થયાની જાણ થતા ફાયર બ્રિગેડને બોલાવવામાં આવ્યું હતું. ફાયર સબ ઓફિસર દુર્ગેશ લોનકરે જણાવ્યું હતું કે, પહેલાં માળે ફાયર બ્રિગેડની ટીમે બહારની સાઈડથી નિસરણીનો ઉપયોગ કરીને સ્લાઈડિંગ વિન્ડો ખોલી બાળકીને હેમખેમ ઉગારી લેવામાં આવી હતી.

# ATMમાં મદદના બહાને ઠગ 40 હજાર ઉડાવી ગયો

**બરમરોલી** રોડના ઓપરેટર ઠગાઇનો ભોગ બન્યા

સુરતઃ એટીએમમાંથી રૂપિયા ઉપાડવાના બહાને ઠગે ૪૦ હજાર રૂપિયા ઉડાવી લીધા હતાં પાંડેસરા બમરોલી રોડ પર તુલસીધામ સોસાયટીમાં રહેતા ૫૭ વર્ષીય ગીરધર રામઉદીત ઉપાધ્યાય પાંડેસરા જીઆઈડીસીમાં રાધિકા પ્રિન્ટ કંપનીમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરે છે. ૩ જાન્યુઆરીએ તેઓ બમરોલી રોડ પર દેવકી નંદન સ્કૂલ નજીકના એટીએમ સેન્ટર પર ગયા હતા. જ્યાં મશીન ઓપરેટ નહીં થતાં ૩૫ વર્ષીય એક અજાણ્યો યુવક મદદ માટે આવ્યો હતો અને એટીએમ કાર્ડ હાથમાં લીધું હતું વિશ્વાસમાં આવી ગીરધર ઉપાધ્યાયે પીન નંબર પણ દાખલ કરી દીધો હતો.

આ દરમિયાન ચપળતાથી ઠગ ઈસમે તેમનું કાર્ડ બદલી નાંખીને 'મોનુકુમાર' નામના અન્ય વ્યક્તિનું એટીએમ કાર્ડ તેમને પકડાવી દીધું હતું. થોડી વારમાં એટીએમમાંથી રૂપિયા નહીં નીકળતાં ગીરધર ઉપાધ્યાયને શંકા ગઈ હતી. પરંતુ તે પહેલાં જ ઠગ સ્થળ છોડીને ફરાર થઈ ગયો હતો. બાદમાં બેંક ખાતાની તપાસ કરતાં ખુલાસો થયો કે તેમના એટીએમ કાર્ડ દ્વારા અન્ય સ્થળેથી કુલ ૪૦ હજાર રૂપિયાનું ટ્રાન્ઝેક્શન કરી લેવામાં આવ્યું છે. તેમણે તરત જ પાંડેસરા સ્ટેશનમાં ફરિયાદ કરી હતી.

# હેલ્મેટથી મોપેડચાલક યુવતીનો જીવ બચી ગયો, સહેલીનું મોત

**મોટા વરાછામાં** ટ્રકે ટક્કર મારી હતી, પાછળ બેઠેલી સહેલીએ હેલ્મેટ પહેરી ન હોવાથી માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી ને...

સુરતઃ સરથાણા વિસ્તારમાં રહેતી ૨૦ વર્ષીય યુવતી તનિષા માવાણીનું ટ્રકની ટક્કરથી સારવાર દરમિયાન મોત થયું છે, જ્યારે તેની બહેનપણીનો હેલ્મેટ પહેરેલી હોવાના કારણે જીવ બચી ગયો છે.

સરથાણા શ્યામધામ મંદિર નજીક સીએચ પાર્કમાં રહેતી તનિષા જયસુખભાઈ માવાણી પોતાના કાકા સાથે રહેતી હતી. માતા-પિતા બંનેને ગુમાવી ચૂકેલી તનિષા પરિવારની જવાબદારી સાથે જીવન પસાર કરતી હતી અને પાર્લરમાં નોકરી કરતી હતી. ગત ૧૨ જાન્યુઆરીએ બપોરના સમયે તનિષા પોતાની બહેનપણી દર્શના વનરાજ કાછડીયા સાથે સ્કૂટર પર મોટા વરાછા સ્થિત એબીસી મોલ ખાતે કપડાં ખરીદવા ગઈ હતી. ખરીદી બાદ બંને પરત ફરી રહી હતી. સ્કૂટર દર્શના ચલાવી રહી હતી અને તનિષા પાછળ બેઠી હતી. આ દરમિયાન મોટાવરાછા રામચોક પાસે ટ્રક ચાલકે બેદરકારીપૂર્વક સ્કૂટરને અડફેટે લેતા ગંભીર અકસ્માત સર્જાયો હતો, જેમાં તનિષાને માથા અને શરીરના ભાગે ગંભીર ઇજાઓ પહોંચી હતી. તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, પરંતુ ગઈકાલે મધ્યરાત્રિએ સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. અકસ્માત સમયે દર્શનાએ હેલ્મેટ પહેર્યું હોવાથી તેને માત્ર સામાન્ય ઇજા પહોંચી હતી, જ્યારે તનિષાએ હેલ્મેટ ન પહેર્યું હોવાના કારણે જીવ ગુમાવ્યો હોવાની ચર્ચા થઈ રહી છે.

## ડોલર દાણચોરીના કેસમાં દર્શિત ઠક્કરની જામીનઅરજી કોર્ટે ફગાવી

સુરતઃ સુરત એરપોર્ટ પરથી જપ્ત કરાયેલાં અમેરિકન ડોલર કેસમાં આરોપી દર્શિત ઠક્કરની જામીનઅરજી કોર્ટે ફગાવી દીધી છે. સુરતના ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI)એ સુરતથી દુબઈ જતી ફ્લાઈટનાં મહિલા મુસાફર અંજલી ભરતભાઈ સોની અને તેના પતિ દર્શિત નિલેશભાઈ ઠક્કરની ડોલરનાં ગેરકાયદે નિકાસ કરવાના આરોપસર ધરપકડ કરી હતી. આ કેસમાં આરોપી દર્શિતે કોર્ટમાં વકીલ મારફતે જામીનઅરજી કરી હતી. જે અરજીની સુનાવણી દરમિયાન ડીઆરઆઈ તરફે વકીલ ધર્મેન્દ્ર પ્રજાપતિએ જામીનઅરજીનો વિરોધ કરી હાલ આ કેસની તપાસ બાકી છે, જામીન આપવાથી તપાસને અસર થાય તેમ છે. આરોપીએ ૪,૩૫,૦૦૦ અમેરિકી ડોલરની હેરાફેરી કરી હોય, જામીનઅરજી નામંજૂર કરવા વિનંતી કરી હતી. બંને પક્ષની દલીલો બાદ કોર્ટે આરોપીની જામીન અરજી રદ કરી છે.

# સુમન શાળા મુદ્દે દિલ્હી સુધી રજૂઆત કરવાની ચીમકી

**બે** મહિના અગાઉ 300 નાગરિકે મુખ્યમંત્રીને કરેલી લેખિત રજૂઆત સામે આવી

સુરતઃ કતારગામ વેડ વિસ્તારમાં મંજૂર થયેલી સુમન માધ્યમિક શાળાના સ્થળ ફેરફારને લઈને ચાલી રહેલા વિવાદે હવે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. આ મામલે 2 મહિના અગાઉ એટલે કે 14-11-2025ના દિવસે 300 જેટલા સ્થાનિક નાગરિકોએ જાતે સહી કરીને મુખ્યમંત્રીને આવેદન આપ્યું હતું. આ આવેદનપત્રમાં સ્પષ્ટ માંગ કરવામાં આવી હતી કે ટી.પી. સ્કીમ નં. 50, ફાઈનલ પ્લોટ નં. 94 પર જ શાળાનું બાંધકામ તાકીદે શરૂ કરવામાં આવે.

17 જુલાઈ 2025ના રોજ સ્થાયી સમિતિમાં ઠરાવ પસાર થયા બાદ 6 ઓગસ્ટ 2025ના રોજ વર્ક ઓર્ડર પણ આપી દેવાયો હતો, તેમ છતાં અધિકારીઓ અને સ્થાનિક ધારાસભ્યના કથિત દબાણ હેઠળ કામ અટકાવી દેવાતા ગરીબ બાળકોના શિક્ષણના અધિકારનું હનન થઈ રહ્યું હોવાનો આક્ષેપ સ્થાનિકોએ કર્યો છે. હાલ આ શાળાના સ્થળ બદલવા બાબતે ભારે ધાંધલ-ધમાલ અને રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. વિપક્ષ દ્વારા આ મુદ્દે પ્રતિકાત્મક ધરણા યોજીને તંત્ર સામે વિરોધ નોંધાવવામાં આવ્યો છે, તો બીજી તરફ મેયરની ઓફિસમાં પણ વોર્ડ સંગઠન અને સ્થાનિક કોર્પોરેટરો વચ્ચે ઉગ્ર બોલાચાલીના દ્રશ્યો સર્જાયા હતા. કોર્પોરેટર નરેન્દ્ર પાંડવ અને જ્યોતિબેન પટેલે મનપા કમિશનરને રજૂઆત કરી હોવા છતાં ઝોન અધિકારીઓ દ્વારા ધારાસભ્યના પત્રનું બહાનું કાઢીને કામ અટકાવવામાં આવ્યું હોવાનો ઉલ્લેખ આ રજૂઆતમાં કરાયો છે. કિંમતી જમીન માફિયાઓને પધરાવી દેવા માટે થઈ રહેલા આ ખેલ સામે સ્થાનિકોએ છેક દિલ્હી સુધી રજૂઆત કરવાની ચીમકી પણ આ 2 મહિના અગાઉની રજુઆતમાં ઉચ્ચારવામાં આવી છે.

# મોબાઈલ સ્નેચિંગના કેસમાં બે આરોપીને પાંચ વર્ષની કેદ

**ફરિયાદી** સાથે અથડાઈને ખિસ્સામાંથી મોબાઈલ ઝૂંટવી ભાગ્યા હતા, જો કે પોલીસે પકડી પાડી જેલભેગા કર્યા હતા

સુરતઃ મોબાઈલ ફોન સ્નેચિંગના કેસમાં બે આરોપીને પાંચ વર્ષની સજા અને રૂપિયા ૧૦૦૦નો દંડ ફટકારતો હુકમ કોર્ટે કર્યો છે.ફરીયાદી દગારામ ખુમારામ ચૌધરી સલાબતપુરા, મેઈન રોડ, પીપરડી શેરી ખાતે ચાલતા જતા હતા તે દરમ્યાન આરોપીઓએ એકબીજાની મદદથી ફરીયાદીને સામેથી અથડાઈ આરોપી રફીક ઉર્ફે બોબડાએ ફરીયાદીના શર્ટના ઉપરના ખિસ્સામાંથી મોબાઈલ ઝૂંટવી ભાગવા જતા હતા ત્યારે ફરિયાદીએ પેટ્રોલિંગ કરતા ત્રણ પોલીસવાળાને જાણ કરતાં પોલીસે બંને આરોપીને ઝડપી પાડ્યાં હતાં. આરોપીઓ વિરુદ્ધ સલાતબપુરા પોલીસ સ્ટેશને ગુનો નોંધાયો હતો. પોલીસે ચાર્જશીટ દાખલ કરતા કોર્ટમાં ઈન્સાફી કાર્યવાહી થઈ હતી. સરકાર તરફે એપીપી એસ. કે. ગોહિલ ફરિયાદ પુરવાર કરવામાં સફળ રહ્યા હતા. બંન્ને પક્ષની દલીલો અને પુરાવાને આધારે આઠમાં અધિક સત્રની કોર્ટે લીંબાયત મીઠીખાડીનાં આરોપીઓ મોહમદ અસ્ફાક ઉર્ફે સીંધી મોહમદ યુસુફ મેમણ અને રફીક બોબડા ઉર્ફે તીજોરી મોહમદ શેખને કસુરવાર ઠેરવી પાંચ વર્ષની કેદની સજા અને દંડ, દંડ ન ભરે તો વધુ એક વર્ષની સજાનો હુકમ કર્યો હતો.

## વેસુમાંથી મોપેડ ચોરનાર ઝડપાયો

સુરત : તા.12/01/2026ના રોજ વેસુ વી.આઈ.પી. રોડ પર લુથરા સર્કલ પાસે આવેલ એક શોરૂમના પાર્કિંગમાંથી રૂપિયા 40 હજારની કિંમતની એકટિવાની ચોરી થઇ હતી. જેમાં ક્રાઇમબ્રાન્ચે જેપીનગર રોડ અડાજણમાંથી એક યુવકને શંકાસ્પદ એકટિવા સાથે પકડી લીધો હતો. તેણે વેસુમાંથી એક્ટિવા ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. પકડાયેલા આરોપીની ઓળખ મનીષ રાજુભાઈ મોરે (ઉંમર 21) તરીકે થઈ હતી. તે દેવધ ગામ, ગોડાદરા વિસ્તારમાં આવેલી શિવ સાગર સોસાયટી, ઘર નં. 76 ખાતે રહેતો હોવાનું અને મૂળ વતન ડોંડાઇચા, જિલ્લા નંદુરબાર (મહારાષ્ટ્ર) હોવાનું બહાર આવ્યું છે.

# આજે સઢવાળી હોડીની સ્પર્ધા

**હજીરાથી** મગદલ્લા પોર્ટ સુધી 21 કિમીની સ્પર્ધા યોજાશે



સુરતઃ ગુજરાતના યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ-ગાંધીનગર આયોજિત હરિઓમ આશ્રમ-નડિયાદ પ્રેરિત અને સુરત જિલ્લા વહીવટી તંત્ર દ્વારા 45મી મહાજન સ્મારક સમુદ્ર સઢવાળી હોડી સ્પર્ધા હજીરા પોર્ટ રો-રો ફેરી પાસેથી રવિવારે યોજાશે.છેલ્લા 45 વર્ષોથી નિયમિત રીતે આયોજીત થતી આ રેસને નિહાળવા માટે સુરતની રમત ગમત પ્રિય જનતા તથા બીજા અનેક લોકો મોટી સંખ્યામાં એકત્ર થતા હોય છે. આ રેસ વિશેની માહિતિ આપતા નેશનલ ફાઈટર ક્લબનાં આગેવાનો પૈકી કપિલભાઈ અને સાહિલ ભાઈએ જણાવ્યું હતુ કે આ રેસ મગદલ્લા પોર્ટ (21 કિ.મી.) સુધી યોજશે જેની શરૂઆત હજીરા રોરો ફેરી એસ્સાર જેટીથી થશે અને રૂઢ સ્થિત ગણપતિ વિસર્જન ઓવારા ખાતે સમાપન થશે. તે આયોજિત સઢવાળી હોડીઓ વચ્ચેની આ હરિફાઈમાં 10 સ્પર્ધકોએ ભાગ લેવા જઈ રહ્યાં છે.રેસમાં પ્રથમ નંબરે આવનાર વિજેતા'ને રૂ.51,000, બીજા ક્રમે આવનારને રૂ.35,000 તેમજ ત્રીજા સ્થાન પર આવનાર સ્પર્ધકને રૂ.25,000ની રોકડ રાશી અર્પણ કરાશે.અન્ય સ્પર્ધકોને આશ્વાસન ઈનામો આપવામાં આવશે.

### પિતૃ તર્પણ માટે મોરા જવાની પરંપરા બાદ સ્પર્ધા શરૂ થઇ

વર્ષો પહેલાં મોરા હજીરાનાં મોરા ગામમાં પિતૃઓનાં તર્પણ માટે જાત્રા યોજાતી હતી જે તે સમયે બ્રિજ કે રસ્તા તો હતા જ નહીં તેથી મગદલ્લા તાપી નદીથી હજીરાનાં સામે કાંઠે જવા માટે સઢ વાળી બોટ એક માત્ર વિકલ્પ હતો. સમયાંતરે આ પરંપરા બોટ રેસમાં બદલાઈ ગઈ છે.

# 60 લાખની ઠગાઇ કરી UPSCની તૈયારીમાં લાગી ગયો

**પીએમ** આવાસના નામે 49 લોકો સાથે ઠગાઇ કરનાર દિલ્હીથી ઝડપાયો

**બોગસ** ડોક્યુમેન્ટ બનાવવાના કેસમાં પણ જેલ ભોગવી આવ્યો છે



સુરતઃ સરકારી આવાસ યોજનાઓમાં ડ્રો વગર ફ્લેટ અને દુકાનો અપાવવાની લાલચ આપી શહેરના ૫૦ જેટલા લોકો સાથે લાખો રૂપિયાની છેતરપિંડી કરનાર મુખ્ય આરોપી મયંક સંજય મિશ્રાને સુરત ઇકો સેલે દિલ્હીના કરોલબાગથી દબોચી લીધો છે. આરોપીએ સુરત મહાનગર પાલિકાનો કર્મચારી હોવાની ખોટી ઓળખ આપી કુલ રૂ. ૬૦,૨૧,૦૦૦ની મતા પડાવી લીધી હતી. સુરતમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાતા જ મયંક સુરતથી ભાગીને બોમ્બે ગયો હતો. ત્યાંથી તે દિલ્હી પહોંચ્યો હતો. અને પોતે વિદ્યાર્થી હોવાનું કહીને પીજીમાં રોકાયો હતો. જ્યારે પોલીસે મયંકને પીજીમાં રહી યુ પી એસ સી ની તૈયારી કરતા વિદ્યાર્થીઓ સાથે રહેતા પકડી પાડ્યો હતો. પોલીસને તેણે પોતે યુપીએસસીની પરીક્ષાના તૈયારી કરવા માટે દિલ્હી આવ્યો હોવાનું કહ્યું હતું. ફરિયાદી નૈનેશ વિનોદભાઈ ચોટલીયા હાર્ડવેરના વેપાર માટે દુકાન શોધતા હતા ત્યારે ચીટર મયંક મિશ્રાના સંપર્કમાં આવ્યા હતા. મયંકે પોતાની ઓળખ પાલિકાના કર્મચારી તરીકે આપી પંડિત દિનદયાળ નગર, સુમન લિપી અને સુમન સાધના આવાસ યોજનાઓમાં ડ્રો વગર ફ્લેટ કે દુકાન અપાવવાની ખાતરી આપી હતી. પાલિકાના ટાઉન પ્લાનિંગ વિભાગના અધિકારીઓના નામના બોગસ એન.ઓ.સી. (NOC) અને ફાળવણી પત્રો પણ બનાવી આપ્યા હતા. બુકિંગ પેટે રૂ. ૩૦,૦૦૦, અધિકારીઓને આપવા માટે રૂ. ૪૦,૦૦૦ અને બાકીના નાણાં કબ્જા વખતે આપવાનું કહી ફરિયાદી પાસેથી ૧.૪૦ લાખ અને અન્ય ૪૯ સાહેદો પાસેથી મળી કુલ રૂ. ૬૦.૨૧ લાખ પડાવ્યા હતા. ત્યારબાદ તે ભાગી ગયો હતો. મયંક સંજય મિશ્રા (રહે. વૃંદાવન રેસીડન્સી, આવિર્ભાવ સોસાયટીની બાજુમા, પિયુષ પોઇન્ટ, પાંડેસરા, મૂળ રહે. ગામ સુજાનગઢ તા.સુજાનગઢ જી. ચુરુ,રાજસ્થાન) ને દિલ્હીથી ઝડપી પાડ્યો હતો. કોર્ટે આરોપીના ૫ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

### ડિમાન્ડ ડ્રાફ્ટ અને એનઓસી કાગળો અજય જાતે બનાવતો

મયંકે પોતાના લેપટોપ પર જ નોંધણીના પૈસા ભર્યાના બોગસ એસબીઆઇના ડિમાન્ડ ડ્રાફ્ટ, તથા જાન્યુઆરી 2025માં ગુ.હા.બોર્ડના પ્રમુખ, ઉપપ્રમુખ અને ખજાનચીની ડુપ્લિકેટ સહિ વાળો એનઓસી ના ડુપ્લિકેટ લેટર બનાવી મોકલી આપતો હતો.

### બોગસ આધાર કાર્ડ ચૂંટણી કાર્ડ બનાવાના કેસમાં છ મહિના જેલમાં કેદ હતો

મયંકને 2023માં પાંડેસરા વિસ્તારમાંથી SOG પોલીસે નકલી આધારકાર્ડ, પાનકાર્ડ, ડ્રાઇવિંગ લાયસન્સ અને ચૂંટણીકાર્ડ, માર્કશિટ, એલસી, જાતીના દાખલા અને આવાસની ટોકન રસીદ બનાવવાતા રંગે હાથ પકડી પાડ્યો હતો.આ કેસમાં તે છ મહિના જેલવાસ ભોગવીને તે બહાર આવ્યો હતો.

# પાંડેસરામાં મનપાની ડ્રેનેજમાં ઝેરી કેમિકલ ઠાલવવાનું કૌભાંડ ઝડપાયું

**GPCBએ** બાતમીને આધારે રેઈડ કરી તો ઝેરી કેમિકલ ભરેલાં બે ટેન્કર હાથ લાગી ગયા,

**ઝેરી** કેમિકલ ફાર્મની ટાંકીમાં ઠાલવ્યા બાદ તળિયે ફિક્સ કરેલી અંડરગ્રાઉન્ડ પાઈપલાઈન દ્વારા સીધું મનપાની ડ્રેનેજમાં

**બમરોલીની** ઉમા ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટની ઉમા એન્ટરપ્રાઈઝ અને માં એન્ટરપ્રાઇઝ ઉપરાંત અંકલેશ્વરની ઓમ ક્લોરાઈડ અને દહેજની ઓ.પી.જે. કેમ.ને ક્લોઝર

સુરતઃ પાંડેસરાના બમરોલી વિસ્તારમાં ઉમા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના એક યુનિટમાં રાત્રિના અંધકારનો લાભ લઈ ટેન્કરો દ્વારા ઝેરી કેમિકલયુક્ત પ્રવાહી સીધું ડ્રેનેજ લાઈનમાં વહાવી દેવાનું મોટું કૌભાંડ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB)એ ઝડપી પાડ્યું છે. આ મામલે પાંડેસરા પોલીસ મથકમાં બે કંપનીના સંચાલકો અને બે ટેન્કર ચાલકો વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. GPCBની પાંડેસરા પ્રાદેશિક કચેરીના મદદનીશ પર્યાવરણ ઈજનેર ભરતભાઈ વસરા અને તેમની ટીમ ગત 5મી જાન્યુઆરીના રોજ નાઈટ મોનિટરિંગમાં હતી. તે દરમિયાન મધરાત્રે આશરે 12:30 વાગ્યાના સુમારે મળેલી બાતમીના આધારે બમરોલી ખાતે પ્લોટ નં. 158/159માં 'ઉમા એન્ટરપ્રાઈઝ' નામના યુનિટ પર તપાસ હાથ ધરતા ચોંકાવનારી વિગતો સામે આવી હતી. સ્થળ પર બે ટેન્કરો (GJ-16-AV-0559 અને GJ-16-AY-8490) ઉભેલા મળી આવ્યા હતા. આ ટેન્કરોમાંથી કેમિકલયુક્ત પ્રવાહીને ટેન્ક ફાર્મની ટાંકીઓમાં ઠાલવ્યા બાદ, તળિયે ફિક્સ કરેલી અંડરગ્રાઉન્ડ પાઈપલાઈન દ્વારા સીધું જ એસ્ટેટની ડ્રેનેજ ચેમ્બરમાં અને ત્યાંથી સુરત મહાનગરપાલિકા (SMC)ની મેઈન ડ્રેનેજ લાઈનમાં ડિસ્ચાર્જ કરવામાં આવતું હતું. GPCB દ્વારા સ્થળ પરથી લેવામાં આવેલા ચાર સેમ્પલના રિપોર્ટમાં કેલ્શિયમ, ક્લોરાઈડ અને ઊંચા TDSની હાજરી મળી આવી હતી. આ ગંભીર બેદરકારી બદલ પર્યાવરણના નિયમોના ભંગ બદલ GPCB દ્વારા 'ઉમા એન્ટરપ્રાઈઝ', 'માં એન્ટરપ્રાઈઝ' તેમજ આ પ્રકરણમાં સંડોવાયેલી અંકલેશ્વરની 'ઓમ ક્લોરાઈડ' અને દહેજની 'ઓ.પી.જે. કેમ પ્રા. લિમિટેડ' ને વોટર એક્ટ-1974 હેઠળ ક્લોઝરના આદેશો આપવામાં આવ્યા છે. પાંડેસરા પોલીસે હાલ આ ગુનામાં ઉમા એન્ટરપ્રાઈઝના રાકેશકુમાર મનહરભાઈ પટેલ, માં એન્ટરપ્રાઈઝના સ્મિત રાકેશભાઈ પટેલ અને બંને ટેન્કર ચાલકો વિરુદ્ધ બી.એન.એસ.ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### અજિતે GPCBને એક કેસ પકડાવી પોતાનો ગોરખધંધો ફરી શરૂ કરી દીધાની ચર્ચા

સચિન આલ્ફા હોટેલ પાસે એક જ્વલનશીલ કેમિકલ ભરેલું ટેન્કર પકડાયા બાદ ગેરકાયદે કેમિકલ નિકાલ કરતા માફીયાઓ પર જીપીસીબીએ લાલ આંખ કરી તેમને શોધવાનું શરૂ કર્યું હતું. જીપીસીબીનું દબાણ વધતા અજિત તેના આકા એવા રાજકીય મોટા નેતાના શરણમાં પહોંચી ગયો હોતો. આકાએ રાજકીય દબાણ લાવી અજિતને બચાવવા દોડ ધામ કરી હતી. ચર્ચાઈ રહ્યું છે કે જે બાદ અજિતે પોતાનો ધંધો બચાવવા અને દબાણ ઘટાડવા બમરોલીમાં આ બાતમી જીપીસીબીના અધિકારીઓને આપી પોતાની કરતૂત છુપાવવાનો પ્રયત્ન કર્યો હતો અને બાદમાં ફરી પોતાનો વડોદ ખાડી પર મોડી રાત્રે ઝેરી કેમિકલ ઠાલવવાનો ખેલ શરૂ કરી દીધો હતો. આ વેપલો ઉપલા લેવલના મંત્રીની પરમિશનથી ચાલુ કર્યો હોવાનાં બણગાં તે ફૂંકી રહ્યો છે.


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**વુલન સ્વેટરો,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, શાલ, બ્લેન્કેટ હોલસેલ ભાવે, ખોલવડવાલા, ડબગરવાડ, સુરત.

**જમીન પુરાણ માટેનો**
મલબો (માટી)નો મોટો જથ્થો વ્યાજબી ભાવે મેળવવા માટે સંપર્ક કરો સંપર્ક સમય સવારે ૧૦થી ૬ મો. 9998816308

**કબુતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9664875838

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**પાપડ અચાર**
સુરતમાં વાલોડના પ્રખ્યાત પાપડ અને અચાર હોલસેલ ભાવ માં છુટક મળશે Free Home dilevery Mo. 9099645605 Surat. Ranitalaw (748)

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**(સાગર- 9427113317)**
દ્વારકા, સોમનાથ, સારંગપુર, 24- જાન્યુઆરી, ઉજ્જૈન ઓમકારેશ્વર, મંમલેશ્વર

**અયોધ્યા/ વારાણસી**
/પ્રયાગરાજ ટ્રેન/ એસી ટેમ્પો ટ્રાવેલ સાથે. સુપર ડિલક્ષ હોટલ/ બ્રેકફાસ્ટ/ ડીનરનું એક શ્રેષ્ઠ અને વ્યવસ્થિત આયોજન. ઉપડવા તારીખ 5 એપ્રિલ, દિવસ- 9. જાણીતું અને અનુભવી નામ બંકીમ મહેતા. (9429507723) જોય એન જોય ટ્રાવેલ્સ. સુરત

**ઓમશિવ ટ્રાવેલ્સ**
22 જાન્યુઆરી, (દ્વારકા, સોમનાથ, વિરપુર, ચોટીલા) (ઉજ્જૈન, મહાકાળેશ્વર, ઓમકારેશ્વર, સિહોર) 23 જાન્યુઆરી, (શીર્ડી, શનિદેવ, સપ્તશૃંગી, સાપુતારા) (ડાકોર, શામળાજી, અંબાજી, મોઢેરા, બહુચરાજી) 27 જાન્યુઆરી, રણઉત્સવ, કચ્છ. માંડવી, આશાપુરા માતા, અંજાર, મોગલધામ. ખરવરશેરી, ભાગળ, સુરત.- 9537838949, 9327199997

નોકરી વિષયક

**સેલ્સ માટે માણસ**
ફૂડ વેચાણના અનુભવી, સેલરી + કમિશન, 8000677977

**જોઈએ છે**
અનુભવી ટર્નર કમ વેલ્ડર, CNC/VMC મશીનના Fanuc કંટ્રોલના ઓપરેટર અનુભવ પ્રમાણે પગાર મળશે કતારગામ GIDC . 9825304506 9825651072

**સુરતના જાણકાર અને**
વિશ્વાસુ જ્વેલર્સને (૧) કોમ્પ્યુટર ઓપરેટર Microsoft Excelના જાણકાર (૨) કેશીયર (૩) રીસેપ્શનીષ્ટ જોઈએ છે. અનુભવીને પ્રાથમિકતા, લાયકાત ધરાવનાર ઉમેદવારને પગારનો કોઈ બાધ નથી. સવારે ૧૧થી ૫ માં રૂબરૂ મળો. ખુશાલભાઈ જ્વેલર્સ, અંબિકાનિકેતન બસ સ્ટોપ સામે, પાર્લે પોઈન્ટ, સુરત. Mo. 8160859341 (757)

**દુકાનના પરચુરણ**
તથા ક્લેરીકલ કામ માટે લેડીઝ- અરજી સાથે મળો સવારે ૧૦ થી ૧૨ માં G/3 ક્રિષ્ના કોમ્પલેક્ષ દિલ્હીગેટ

**સુરતના ખ્યાતનામ**
બિલ્ડરની ઓફિસમાં ટેલિકોલર જોઈએ છે. પગાર 15,000 + કમિશન. સંપર્ક- 8401999721

**ફ્લેટ વેચવાના છે**
» જહાંગીરપુરામાં રોઝ ગાર્ડન પાસે
» ૧૬૫૪ સ્કે ફીટ
» ૩ બેડરૂમ /હોલ/ કીચન
» ૧૩૧૦ સ્કે ફીટ
» ૨ બેડરૂમ /હોલ/ કીચન
મો.નં. 8141577577 9879890021

**વોક ઈન ઈન્ટરવ્યુ**
ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી NACP- V પ્રોગ્રામ અંતર્ગત ચાલતી સંસ્થા એકતા મહિલા મંડળ સુરત દ્વારા કાર્યરત પ્રોજેક્ટ માટે હંગામી ધોરણે ભરતી કરવાની છે. પોસ્ટ- કાઉન્સેલર- 1, લાયકાતઃ- M.S.W M.A Psychology, M.A Sociology, પગાર- 16000 +T.A ઈન્ટરવ્યુની તારીખઃ- 23/01/2026 સમય સવારે 11:00 કલાકે નીચે દર્શાવેલ સ્થળે ઈન્ટરવ્યુ રાખવામાં આવેલ છે એડ્રેસ- એકતા મહિલા મંડળ- 2/4387, બીજો માળ, ઈચ્છા મહેતા શેરી, જૂની મહાવીર હોસ્પિટલની બાજુમાં, સગ્રામપુરા, સુરતઃ- 9586320023

**કાંટાતાર કંપાઉન્ડ**
કાંટાતાર કંપાઉન્ડ, રેઝર કોઇલ ફીટીંગ કરનાર, દિવાલ ઉપર ઍંગલ મારી તાર મારી આપવામાં આવશે.
સંપર્કઃ 9924337821

મિલ્કત જોઈએ છે

**મકાન લેવું છે**
લાલદરવાજા/ મહિધરપુરા આજુ બાજુમાં 38 થી 40 મા મો. 8488968543

મિલ્કત વેચવાની છે

**RCCનું મકાન**
વેચવાનું છે ૨ ગાળા નું ભોંયતળીયુ 3 માળનું, નાનપુરા ધોબીશેરીમાં વ્યાજબી કિંમતે- 9825570197

**ફ્લેટ વેચવાનુ છે**
દસ્તાવેજવાલો ગેસ લાઈન સાથે 2 બેડરૂમ હોલ કિચન (દલાલ આવકાર્ય) પંડોલની પોલ નાણાવટ સુરત Mob- 9879051302- 9979379635, 9898613920 (756)

**બંગલો વેચવાનો છે**
125 વાર 4 BHK કોર્નર
131 વાર 4 BHK કોર્નર
146 વાર 4 BHK
ચારેબાજુ કોર્નરનો જબરજસ્ત લોકેશન વાળો બંગલો
જહાંગીરપુરા, પટેલ નગરની સામે
9825928745

**40.75 લાખમાં**
પાલનપુર પાટિયામાં સિલ્વર પ્લાઝામાં 2 બેડરૂમ હોલ કિચનનો ફ્લેટ ફર્નિચર સાથે વેચવાનો છે. દલાલ આવકાર્ય 9727740636 (755)

**ફ્લેટ વેચવાનો છે.**
1- 2 B. H. K. નવું બાંધકામ. અડાજણ- પાલ. 9909601200

**પ્લોટ વેચવાનો છે**
ઉગત કેનાલ વૈષ્ણોદેવી રોડ પર શશાંગ રેસીડેન્સીમાં રોડ ટચનો 195 વારનો પ્લોટ વેચાણથી આપવાનો છે, કોન્ટેક્ટઃ 9327615071, 9879280988

**પ્લોટ વેચવાનો છે**
અડાજણ- પાલ. 9909601200

**ફ્લેટ વેચવાનો છે**
પ્રાઈમ માર્કેટ નજીક આનંદમહલ રોડ, 2 બેડરૂમ, હોલ,કિચન.ગેસ લાઈન વીજળીની સુવિધા સાથે Mo. 9825766433 Whatsapp No + 1 5879213459 (758)

**ઓફિસ વેચવાની છે**
ત્રીજા માળે, આગમ ઈમ્પોરીયા બિલ્ડીંગ ન્યુ ઉધના મગદલ્લા, વીઆઈપી રોડ. Mo. 9825596449 Whatsapp No. + 1 5879213459 (759)

**ફ્લેટ વેચવાનો છે.**
3/ 4 B. H. K. નવું બાંધકામ. અડાજણ- પાલ. 9909601200

**રોહાઉસ વેચવાનું છે.**
નવું બાંધકામ. અડાજણ- પાલ.9909601200

**દુકાન વેચવાની છે**
પહેલા માળે રોડ કોર્નરની મોકાની 1512- સ્કેવર ફીટ, ચાલુ ભાડા સાથે વેચવાની છે, એ, રોયલ પ્લેટિનમ બિલ્ડિંગ પાલનપોર કેનાલ રોડ પર, કોન્ટેક્ટઃ 9327615071, 9879280988

**દુકાનો વેચવાની છે,**
ઓબેરોન બિઝનેસ હબમાં 725 સ્કેવર ફીટ, મેઈન રોડ પરની બે દુકાનો (ચાલુ ભાડા સાથે) વેચવાની છે, પાલ ગૌરવપથની બાજુમાં, કોન્ટેક્ટઃ 9327615071, 9879280988

**ફ્લેટ વેચવાનો**
દસ્તાવેજ ફાઈનલ ૧૧ લાખ બીજો માળ અનાવિલ શેરી સગરામપુરા 8488968543

**પ્રાઈમ લોકેશનમાં**
ફર્નિચરવાળો ફ્લેટ તાત્કાલિક વેચવાનો છે. 2 BHK 1100, સ્કે. ફીટ. મુક્તાનંદનગર ગુજરાત ગેસ સર્કલ પાસે, અડાજણ, સુરત. 9825023044 (762)

**60 ફૂટ રોડ ટચ**
બંગલા લાયક પ્લોટ 1000 વાર વેચવાનો છે પીપલોદ 9879100474 (761)

લગ્ન વિષયક

**34 વર્ષની**
પંચાલ ડોક્ટર યુવતી માટે Well Educated યુવક આવકાર્ય. 9512318416

**કેનેડા અમેરિકા સેટલ**
થવા માંગતી લગ્ન ઈચ્છુક કન્યાઓ સંપર્ક કરે શુભ વિવાહ મેરેજ બ્યુરો 9727211122

મિલ્કત લે-વેચ

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં**
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.